An AIChE Technology Alliance
CCPS
Center for Chemical Process Safety
www.aiche.org/ccps

Process Safety Beacon

http://www.aiche.org/CCPS/Publications/Beacon/index.aspx

ઉત્પાદન પ્રક્રિયામાં સંકળાયેલા વ્યક્તિઓ માટે સંદેશો

This issue sponsored by
ioMosaic
www.iomosaic.com

જુન - ૨૦૧૧

# તમે કુદરતી આપદા માટે તૈયારી કરી છે ?

ધરતીકંપ, વાવાઝોડું અને આંધી, ચક્રવાત, સુનામી, જંગલની આગ, પૂર – તાજેતરના વર્ષોમાં આપણે આ બધી તથા બીજી કુદરતી આફતો વિશે ઘણાં સમાચારો વાંચ્યા છે. આ બધી આફતો તરત જ ભયંકર નુકશાન વેરે છે. આ બધી આફતો જોખમી પદાર્થોના સંગ્રહ અને પ્રક્રિયા કારખાનાને નુકશાન પહોંચાડીને વધારે વિનાશ સર્જી શકે છે. તમે જાણો છો કે તમારા પ્લાન્ટમાં કયા પ્રકારની કુદરતી આફતો આવી શકે છે ? તમે જાણો છો કે આ બધી આફતો સામે તૈયારી કેવી રીતે કરશો અને આફતો પછી પુનઃ બેઠા કેવી રીતે થશો ?




૧-૧૧ માર્ચ ૨૦૧૧ના રોજ જાપાનમાં તોહોકુ ધરતીકંપ પછી ઓઇલ રીફાઈનરીમાં લાગેલી આગ;
૨- ઓકલાહોમામાં ચક્રવાત; ૩-કેલીફોર્નીયાનાં જંગલમાં આગ;
૪- માર્ચ ૨૦૧૧ના ધરતીકંપથી ફુકુશીમા ન્યુકલીયર પાવર પ્લાન્ટમાં નુકશાન










## શું તમે જાણો છો ?

દુનિયાની સૌથી મોટી વ્યાપારીક મિલકત વીમા કંપનીઓમાંની એક એવી એફએમ ગ્લોબલે તેના ૨૦૧૦ ના “કુદરતી આપદા સાથે રમત” અહેવાલમાં, કંપનીઓ કુદરતી આપદા સામેની તૈયારી માં કેમ નિષ્ફળ જાયછે તેના કેટલાંક કારણોની ચર્ચા કરી હતી. જેમાંના કેટલાંક તારણોમાં સામેલ છે ;

➔ લોકો કુદરતી આપદા ના જોખમ ને ઓછું આંકે છે – તેઓ એમ વિચારે છે કે “તે અંહી નહી થાય”.

➔ આપદા વગર ઘણાં દિવસો પસાર થતા જાય તેમ તેની બનવાની સંભાવના વિશે લોકો માનવા ઇનકાર કરે છે.

➔ કંપનીઓ કુદરતી આપદા સામે તેમની તૈયારી સારી રીતે કરેલી છે તે અંગે ખુબ ઉચી માન્યતા રાખે છે.

➔ ઘણી કંપનીઓ આપદા પછી કેમ ઊભું થવું તેની ઉપર ધ્યાન આપે છે નહી કે નુકશાન ઓછું થાય તે માટે આપદા પહેલાંની પ્રવૃતિઓ પર.

## તમે શું કરી શકો ?

➔ કુદરતી આપદાથી તમારાં પ્લાન્ટ ઉપર થનાર સીધી અસર વિશે સમજો, અને આપદાથી તમારી યુટીલીટી માં ભંગાણ પડે તો તેની અસર ઉપર પણ.

➔ આપદા માટે બનાવેલા તમારા પ્લાન્ટ ના આપતિ સમયની યોજના ની ફેરચકાસણી કરો. ખાત્રી કરો કે યોજનામાં ધ્યાન રાખેલ છે કે – તમે સોંપેલા કામને વાસ્તવમાં ઉપલબ્ધ સમય અને સાધનસામગ્રી વડે અમલમાં મુકી શકો છો ? તેમાં કોઇ મુશ્કેલી જુઓ તો તમારા ઉપરીને તમારી ચિંતા વિશે બતાવો.

➔ ખાત્રી કરો કે જરૂરી બધા જ સાધનો અને અંગત સંરક્ષણ ના સાધનોને કુદરતી આપદા નો સામનો તથા તેના ખરાબ પ્રત્યાઘાત સામે તૈયાર કરી દેવામાં આવેલ છે, તેને સારી રીતે જાળવવામાં આવ્યા છે અને વાપરી શકાય તે રીતે સજ્જ કરી દેવામાં આવેલ છે.

➔ કુદરતી આપદા સામેની તૈયારી અને પ્રતિક્રિયા ના રીર્હસલ માં ભાગ લો, તેને ગંભીરતાથી લો અને રીર્હસલ દરમિયાન કોઇપણ મુશ્કેલી જણાય તો તેનો રીપોર્ટ કરો.

➔ એફએમ ગ્લોબલ નો રીપોર્ટ ડાઉનલોડ કરી તેને વાંચો, અંહીથી www.fmglobal.com/disaster.

**“ નાનકડો બચાવ મોટા ઉપાયો કરતાં વધારે યોગ્ય છે. ” – બેન્જામીન ફ્રેંકલીન**

AIChE © 2011. All rights reserved. Reproduction for non-commercial, educational purposes is encouraged. However, reproduction for the purpose of resale by anyone other than CCPS is strictly prohibited. Contact us at ccps_beacon@aiche.org or 646-495-1371.

**The Beacon is usually available in Afrikaans, Arabic, Chinese, Danish, Dutch, English, French, German, Greek, Gujarati, Hebrew, Hindi, Italian, Japanese, Korean, Malay, Marathi, Persian, Polish, Portuguese, Russian, Spanish, Swedish, Telugu, Thai, Turkish, and Vietnamese.**